# " સાફલ્યગાથા "

## તા.૦૪/૦૭/૨૦૧૬ થી ૧૦/૦૭/૨૦૧૬

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/index.php ઉપર ગુમ થયેલાની એન્ટ્રી કરવામાં આવે છે.
- ❖ કામરેજ પો.સ્ટે. I 175/2015 IPC 363, 366 ના કામે અપહરણ થનાર – જયાબેન W/O. રણજીતભાઇ ઇશ્વરભાઇ વસાવા ઉવ.૧૬ રહે.નવી પારડી, સોની ફળીયુ તા.કામરેજ નાની તા.૨૮/૦૬/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં.૮/૨૦૧૬ ના કામે ગુમ થનાર – કાજલબેન D/O. નવીનભાઇ પટેલ ઉવ.૨૨ રહે.કોળી ભરથાણા, પારસી ફળીયુ તા.કામરેજ નાની તા.૦૫/૦૭/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં.૨૬/૨૦૧૬ ના કામે ગુમ થનાર – ગોપાળભાઇ દીનેશભાઇ મકવાણા ઉવ.૧૯ રહે.કામરેજ ચાર રસ્તા, માલીબા કોમ્પલેક્ષ તા..કામરેજ નાનો તા.૩૦/૦૬/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖ કડોદરા GIDC પો.સ્ટે. ગુમ જાણવા જોગ નં.૧૦/૨૦૧૬ ના કામે ગુમ થનાર – વિજય ભાઉસાહેબ પાટીલ ઉવ.૧૯ રહે.નવાગામ ડીંડોલી, સુરત શહેર નાનો તા.૦૭/૦૭/૨૦૧૬ ના રોજ પરત મળેલ છે.
- ❖

## જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ કડોદરા GIDC પો.સ્ટે. I ગુ.ર.નં.૫૬/૨૦૧૬ IPC કલમ-૪૬૫,૪૬૮, ૪૭૧,૪૧૯, ૧૧૪ મુજબ ના કામે આરોપી - જમશેદભાઈ ઈશાકભાઈ અંશારી રહે.વરેલી શાંતી નિકેતન ની પાછળ પટેલના એપાર્ટમેન્ટમાં ફલેટ નં.-૨૧૦ તા.પલસાણા જી.સુરત નાને તા.૦૪/૦૭/૨૦૧૬ કલાક-૧૫/૦૦ વાગે અટક કરેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે. I ગુ.ર.નં.૨૩૯/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૪૯૮(ક),૧૧૪ તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ ૩,૪ મુજબ ના કામે આરોપી - (૧) વિનયકુમારસિંહ રાજકુમારસિંહ રાજાવત ઉં.વ.૨૮ (૨) વિપુલકુમારસિંહ રાજકુમારસિંહ રાજાવત (૩) રાજકુમારસિંહ જહાનસિંહ રાજાવત તમામ રહે. બારડોલી, ૧૪, ગંગાનગર, શાસ્ત્રી રોડ, તા-બારડોલી નાને તા.૦૫/૦૭/૨૦૧૬ કલાક- ૧૫/૧૦ વાગ્યે અટક કરેલ છે.
- ❖ બારડોલી પોસ્ટે I ગુ.ર.નં.૨૦૩/૨૦૧૫ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ ના કામે આરોપી - શનિભાઇ રાજેન્દ્રભાઇ પારેખ ઉં.વ.૩૨ રહે. બારડોલી, ૧૦૧, સિન્કાલ કોમ્પલેક્ષ, શાસ્ત્રી રોડ, તા.બારડોલી જી.સુરત નાને તા.૦૫/૦૭/૨૦૧૬ કલાક- ૧૫/૩૦ વાગ્યે અટક કરેલ છે.
- ❖ કોસંબા પોસ્ટે I ૧૩૭/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ના ગુનાના કામે આરોપી - માલોસંગ ચમાસીયા ભીલાલા રહે ઉહા ચંતડીયા ફળીયા તા કઠીવાડા જી અલીરાજપુર ( એમ.પી ) નાને તા ૬/૭/૨૦૧૬ કલાક ૨૦/૪૫ વાગે અટક કરેલ છે.

- ❖ મહુવા પો.સ્ટે. I ગુ.ર.નં. ૬૦/૨૦૧૬ કલમ:- ઇ.પી.કો. કલમ- ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૩૫૩, ૪૨૭ વિગેરે મુજબ ના ગુનાના કામે આરોપી (૧) જયેશભાઇ મનહરભાઇ આહિર રહે.આંગલધરા, તા.મહુવા (૨)દિપકભાઇ મનુભાઇ પટેલ રહે.પાંચકાકડા (૩) સંજયભાઇ કાંતુભાઇ પટેલ રહે.નાની વેલ્ઝરર (૪)તરૂણકુમાર વિક્રમભાઇ પટેલ રહે.તરકાણી (૫) વિનોદ ડાહયાભાઇ પટેલ રહે.અનાવલ(૬) સુરેશભાઇ રામાભાઇ પટેલ રહે.તરકાણી (૭) અશોકભાઇ રમણભાઇ આહિર રહે.આંગલધરા (૮) નરેશભાઇ લાલજીભાઇ સોલંકી રહે.અનાવલ સ્ટે શન ફળીયું, (૯) જેમીસ બિપીન બારોટ રહે.સુરખાઇ, મંદિર ફળીયું (૧૦) પીન્ટીકુમાર હસમુખભાઇ પટેલ રહે.સુરખાઇ (૧૧) દેવેન્દ્રીભાઇ રામાભાઇ આહિર રહે.આંગલધરા (૧૨)સુરેશ ભાઇલાલ પટેલ રહે.તરકાણી (૧૩)જીગ્નેરશ પ્રવિણચંદ્ર શાહ રહે.કોષ (૧૪) ગુણવંતભાઇ ભાણભાઇ પટેલ રહે.અનાવલ(૧૫) હાર્દિકભાઇ દીલીપભાઇ પટેલ રહે.તરકાણી તા.મહુવા જી.સુરત નાને ૦૭/૦૭/૨૦૧૬ ના ક. ૨૨/૧૫ વાગે અટક કરેલ છે.
- ❖ માંડવી પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૪૦ /૦૧૬ ઇ.પી.કો કલમ ૪૨૭,૪૪૭,૫૦૬(૨) ૧૧૪ મુજબ ના ગુનાના કામે આરોપી - રોશનબેન મેલ્લી કડોદરાવાલા રહે. એ/૫૦૧ આગમ ટાવર ચાંદનીચો પાસે સીટી જીમખાના રોડ પીપલોદ સુરત નાને તા.૦૯/૦૭/૨૦૧૬ કલાક ૧૩/૩૦ વાગે અટક કરેલ છે.
- ❖ માંડવી પો.સ્ટે. I ગુ.ર.નં. I- ૬૨/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૩૦૪(અ) મુજબ ના ગુનાના કામે આરોપી - કુશાલભાઇ ઉર્ફે ખુશાલભાઇ ફોજમલ શાહ હાલ રહે. માંડવી પુનમ્વાડી પાસે સેવલ એપાર્ટમેન્ટ બી-૦૧ તા.માંડવી જી.સુરત મુળ રહે.ગુલાબપુરા ગામ સદર બજાર તા.હુલ્ડા જી.ભીલવાડા (રાજસ્થાન) નાને તા.૦૯/૦૭/૨૦૧૬ કલાક ૧૬/૩૦ વાગે અટક કરેલ છે.
- ❖ કામરેજ પો.સ્ટે. I ગુ.ર.નં ૧૫૮/૨૦૧૬ IPC ૩૯૪,૧૧૪ મુજબના ગુનાના કામે આરોપી - લગરા ઉર્ફે જબરાભાઇ પાંચાભાઇ ભરવાડ રહે.નવાગામ (બેકરી) તા.પાલીતાણા જી.ભાવનગર હાલ રહે.લસકાણા ક્રિષ્ના નગર પહેલો વિભાગ રામપીર મંદીર ની સામે તા.કામરેજ જી.સુરત (૨) હરેશભાઇ ઉર્ફે ભાઠીયો S/o જયંતીભાઇ ઉજમશીભાઇ મકવાણા રહે.રવીપાર્ક સોસા. ઘર નં ૮૮ પાણીની ટાંકી ચીકુવાડી સુરત મુળ રહે સિંગલપુર ધંધુકા અમદાવાદ (૩)ધનસુખભાઇ S/o રમેશભાઇ ફકીરભાઇ રાઠોડ રહે. રવીપાર્ક સોસા. ઘર નં ૨૮૮ પાણીની ટાંકી ચીકુવાડી સુરત નાઓને તા.૧૦/૦૭/૨૦૧૬ ક. ૧૭/૦૦ વાગે અટક કરેલ છે.

## કાર્ટિંગના વેપારીનું ટ્રેક્ટર ચોરાયું હતું

# કીમથી ચોરાયેલું ટ્રેક્ટર અઢી વર્ષ બાદ છોટા ઉદેપુરથી મળ્યું

### પોલીસ દ્વારા ચોરના રિમાન્ડ મેળવાની તજવીજ

ભાસ્કર ન્યૂઝ | કોસંબા

માંગરોળ તાલુકાના કીમ ચાર રસ્તા ઉપરથી કાર્ટિંગનો વેપાર કરતાં વેપારીનું ઓફિસની બહારથી અઢી વર્ષ પહેલા ટ્રેક્ટર ટ્રેલર ચોરાઈ ગયું હતું. અઢી વર્ષ બાદ છોટા ઉદેપુર પોલીસે શંકાના આધારે ટ્રેક્ટર સાતે ઝડપી પાડતા કોસંબા પોલીસે કબજો સોંપ્યો છે.

તડકેશ્વર રહેતા અનેકીમ ચાર રસ્તા ખાતે રેતી કપચીનો છુટક કાર્ટિંગનું કામ કરતાં ગેરીલાલ મોહનલાલ શાહનું ટ્રેક્ટર (GJ-5AA-199) આશરે અઢી વર્ષ પહેલા કીમ ચાર રસ્તા વિષ્ણુ કોમ્પલેક્સની ઓફિસની સામે રાત્રિના પાર્ક કરેલું હોય તે ચોરાઈ ગયું હતું. જે ટ્રેક્ટર બાબતે થોડા દિવસ પહેલા તડકેશ્વર પોલીસ સ્ટેશન પરથી ફોન દ્વારા જાણવા મળ્યું હતું કે ટ્રેક્ટર છોટાઉદેપુર જિલ્લાની હદમાંથી મળી આવ્યું છે. જે બાબતે ગેરીલાલ કોસંબા પોલીસ સ્ટેશનમાં ટ્રેક્ટર ચોરીની ફરિયાદ નોંધાવી કોસંબા પોલીસે આ ટ્રેક્ટર સાથે છોટાઉદેપુર પોલીસે ઝડપી પાડેલા ભાલોસિંગ તમાસીયાનો કબજો લીધો હતો. અને ટ્રેક્ટરની પણ રીકવરી લીધી છે. કોસંબા પોલીસે ટ્રેક્ટર ચોરનાર ભોલોસિંગના રિમાન્ડ લેવાની તજવીજ હાથ ધરી છે

# આગણવાડીમાંથી ગેસના બાટલા ચોરી કરનારા 2 ઝબ્બે

## તડકેશ્વરથી બાતમીને આધારે ઝડપી પાડ્યા

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

માંડવી તાલુકાના તડકેશ્વર ગામની સીમમાં ટોલ પ્લાઝા નજીકથી જિલ્લા એલસીબી પોલીસે બાતમી આધારે આંગણવાડીઓમાંથી ગેસના બાટલા તેમજ અન્ય ઈલેક્ટ્રીક સામાનની ચોરી કરી અન્ય જગ્યાએ વેચાણ કરતાં બે ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતાં. 1.13 લાખનો ચીરનો મુદ્દામાલ પણ પોલીસે કબજે કર્યો હતો. જિલ્લામાં માંડવી કીમ, કામરેજ, માંગરોળ તેમજ હાંસોટ વિસ્તારમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ સુરત જિલ્લા એલસીબીપોલીસ કીમ-કોસંબા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં આ સમય દરમિયાન બાતમી મળી હતી જે આધારે માંડવીના તડકેશ્વર ગામની સીમમાં ટોલપ્લાઝા નજીક વોચમાં હતાં. આ સમય દરમિયાન બે ઈસમો રાંધણ ગેસના બાટલા સાથે ઊભા હતાં. જે શંકાસ્પદ લાગતાં એલસીબી પોલવીસે પૂછપરછ કતાં જવાબ આપવામાં ગલ્લા તલ્લા કર્યા હતાં. જેમાં દાઉદ ઈસ્માઈલ ગરાસીયા (રહે. રોયલપાર્ક, સોસાયટી, બી ફ્લેટ નં 209 કીમ ચોકડી, માંગરોળ, મૂળ દેગામ, તા. જંબુસર, જિ. ભરૂચ)

અને બીજો જેરામ ઉર્ફે જમલો ઉર્ફે જમો સોમાભાઈ રાઠોડ (રહે. મૂળ કંટીયાજાળ, હળપતિવાસ, હાંસોટ. હાલ. સિયાલજ, હળપતિવાસ, તા. માંગરોળ) તરીકે ઓળખ આપી હતી. કડક પૂછતાછ કરતાં આખર દાઉદ ગરાસીયાએ ગેસના બાટલા ચોરીના હોવાનું જણાવ્યું હતું. અને



એલસીબીએ ઝડપી પાડેલ બાટલા ચોર તથા ગેસ સિલિન્ડરો.

આ બાટલા એક વર્ષ પહેલા જેરામ ઉર્ફે જમલા રાઠોડે ચોરી કરીને પોતાને વેચાણ કર્યા હોવાનું જણાવ્યું હતું. બીજા ગેસના બાટલા પીપોદરા ખાતે રહેતા મહારાજના રૂમ પર મુક્યા હોવાનું જણાવ્યું હતું.

જ્યારે જેરામ ઉર્ફે જમલો ઉર્ફે જમો રાઠોડને પૂછતાછ કરતાં પોતાની અન્ય સાથી હરેશ ઉર્ફે રાજેશ બામણ સાથે મળી આંગણવાડીઓમાંથી તેમજ શાળાઓમાંથી રાંધણગેસના બાટલાઓ, ટીવી, મોનીટર, એમ્પલીફાયર, સેટટોપ બોક્સ, ડીવીડી ચોરી કરી હતી. જે સંતાડેલ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે બંને ઈસમોને સંતાડેલ સ્થળે લઈ જઈ રાંધણગેસના કુલ 54 બાટલા કિંમત 54000 તેમજ ટીવી સહિત અન્ય સાધન સામગ્રી 59500 મળી કુલે 1,13,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સામાન રાત્રિ દરમિયાન માંડવી, કીમ, કામરેજ, માંગરોળ, હાંસોટ સહિત 118 જગ્યાએથી ચોરી કરેલ હોવાની કબૂલાત કરી કરતાં બંનેની ધરપકડ કરી હતી. જ્યો હરેશ ઉર્ફે રાજેશ બામણને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે

# વિદ્યાર્થિનીઓ પોલીસ સ્ટેશનની મુલાકાતે



મહુવા | મહુવા ભક્ત શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા મહુવા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ પોલીસની અલગ અલગ કામગીરી અંગે માહિતી મેળવી હતી. આ પ્રસંગે મહુવા પો.સ.ઈ પી.બી પટેલીયાએ વિદ્યાર્થિનીઓને સેલ્ફ ડિફેન્સની વિગતવાર માહિતી આપી નીડર બનવા જણાવ્યુ હતું. મહુવા જી.એચ. ભક્ત સાર્વજનિક હાઈસ્કૂલની ધોરણ 9 થી 12 ની 200 જેટલી વિદ્યાર્થિનીઓએ તા-28-06-2016 ને મંગળવારના રોજ સુરક્ષા સેતુ કાર્યક્રમ અંતર્ગત મહુવા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી

મુદા નંબર (૨) શાળા/કોલેજમાં ચર્ચા/ડીબેટ, અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોય.

જીવનઆસ્થા ની કામગીરી

**04 July to 10 July 2016 calls Summary**

| | |
|---|---|
| Miss calls | 25 |
| Drop calls | 22 |
| Follow up calls | 60 |
| Receive calls | 271 |
| Total | 378 |

**Receive calls**

| | |
|---|---|
| Student | 168 |
| Male | 301 |
| Female | 69 |

**મુદા નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.

| અ.નં | તારીખ | કર્મચારીનું નામ | મો.નં | પો.સ્ટે વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧. | ૦૫/૦૭/૨૦૧૬ | SOG ના પો.કો ઐયુબભાઇ તથા BDDS ટીમ | | માંગરોલ |
| ૨. | ૦૭/૦૭/૨૦૧૬ | SOG ના પો.કો રાજુભાઇ તથા BDDS ટીમ | | કોસંબા |
| ૩. | ૦૯/૦૭/૨૦૧૬ | SOG ના પો.કો ઐયુબભાઇ તથા BDDS ટીમ | | કડોદરા |
| ૪. | ૧૦/૦૭/૨૦૧૬ | SOG ના પો.કો રાજુભાઇ તથા BDDS ટીમ | | ઓલપાડ |